# FIRST INFORMATION REPORT

## પ્રથમ માહિતી અહેવાલ

## (Under Section 154 Cr.P.C.)

## (ફોજદારી કાર્યસંહિતાની કલમ 154 હેઠળ.)

1 District (જીલ્લો) બનાસકાંઠા | Police Station (પોલીસ સ્ટેશન) થરાદ | Year (વર્ષ) 2022 | FIR No. (પ્ર.મા.અ.ક્રમાંક) 11195050220356 | Date (તારીખ) 16/04/2022

2 (i) Act (અધિનિયમ) પશુઓ પૂત્યેનો ધાતીયપણુઅટકાવાનો અધિનિયમ | Sections (કલમો) 11(1)(d),11(1)e,11(1)(f),11(1)(k)

3 (a) (ક) Occurrence of offence: (ગુન્હો બન્યાનો સમયગાળો)

Day. (દિવસ) શનિવાર | Date from (તારીખથી) 16/04/2022 | Date to (તારીખ સુધી) 16/04/2022

Time Period (સમયગાળો) | Time from (કલાકથી) 00:10 | Time to (કલાક સુધી) 02:15

(b) (ખ) Information received at PS: (પોલીસ મથકે માહિતી મળ્યા) Date (તારીખ) 16/04/2022 | Time (સમય) 04:00

(c) (ગ) General Diary Reference:Entry No. (સ્ટેશન ડાયરી સંદર્ભ: એન્ટ્રિ નં) | Time (સમય)

4 Type of Information: (માહિતીનો પ્રકાર) મૌખિક

5 Place of Occurrence: (ઘટનાનું સ્થળ)

(a) (ક) Direction and distance from P.S. (પોલિસ સ્ટેશનથી દિશા અંતર) | Beat No. (બીટ નંબર)

(b) (ખ) Address (સરનામું) ખોડા ચેકપોસ્ટ,
ગામ. ખોડા,
તા. થરાદ,
જી. બનાસકાંઠા.

(c) (ગ) In case, outside the limit of this Police Station, then (પોલીસ સ્ટેશનની હદની બહાર હોય તો તે પોલીસ સ્ટેશનનું નામ)

Name of P.S. (પોલીસ સ્ટેશનનું નામ) | District (જીલ્લો)

6 Complainant/Informant: (ફરિયાદી / બાતમીદાર)

(a) (ક) Name (નામ) પ્રકાશભાઇ ભગવાન ભાઇ પટેલ | (b) (ખ) Father's/Husband's Name (પિતા/પતિનું નામ) ભગવાનભાઇ પટેલ

(c) (ગ) Date/Year of Birth (જન્મ તારીખ / વર્ષ) | (d) (ઘ) Nationality (રાષ્ટ્રીયતા) ભારતીય

(e) (ઙ)

(f) (ચ)

Occupation (ધંધો)

પોલીસ કર્મચારી

(g) (છ)

Address
(સરનામું)

અ.પો.કો. બ.નં.૧૩૦૨ નોકરી થરાદ પોલીસ સ્ટેશન ,
ગામ. થરાદ,
તા. થરાદ,
જી. બનાસકાંઠા.

7 Details of known/suspected/unknown accused with full particulars:
(Attach seperate sheet, if necessary)
(ઓળખાયેલ/શકમંદ/વણઓળખાયેલ આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)
(જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી)

| | Accused Name<br>(તહોમતદારનું નામ) | Age(Approx.)<br>(ઉંમર) (આશરે) | Address<br>(સરનામું) |
|---|---|---|---|
| (1) | અરબાઝગુલામ્રબાનીકુરેશી | | અમનપાર્ક રાજપુર રોડ ડીસા ,<br>ગામ. ડીસા,<br>તા. ડીસા,<br>જી. બનાસકાંઠા. |
| (2) | નવાઝ જાકીરભાઇ જાતે કુરેશી | | અમનપાર્ક રાજપુર રોડ ડીસા ,<br>ગામ. ડીસા,<br>તા. ડીસા,<br>જી. બનાસકાંઠા. |

8 Reasons for delay in reporting by the complainant/Informant
(ફરિયાદી/બાતમીદાર તરફથી ગુન્હાની જાણ કરવામાં વિલંબ થવાના કારણો)

-

9 Particulars of properties stolen(Attach seperate sheet, if necessary)
(ચોરાયેલી/ગુન્હામાં સંડોવાયેલ ચીજ વસ્તુઓની વિગતો) (જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી).

10 Total value of property stolen
(ચોરાયેલી / ગુન્હામા સંડોવાયેલ ચીજ વસ્તુઓની કુલ કિમંત)

11 Inquest Report/U.D. case No. if any
(મ્રુત્યુ વિષયક તપાસ અહેવાલ / અકુદરતી મોતનો નંબર હોય તો તે)

12 First Information contents(Attach seperate sheet, if required)
(પ્રથમ માહિતી અહેવાલની વિગતો)(જરૂર જણાયતો અલાયદો કાગળ જોડવો)

તે એવી રીતે કે આ કામેના આરોપીએ તેમના કબ્જાના ટ્રક નંબર- GJ-24 X-3467 માં ગે.કા.અને વગર પાસ પરમીટે પાડાઓ જીવ નંગ કુલ-૩૮ ભરી કતલખાને લઈ જતાં જીવતા જીવ કી.રૂ◌ા.૩૮,૦૦૦/- સાથે આ અબોલ પશુઓને ટુકા દોરડાથી બાંધી ટ્રકમાં ખીચો ખીચ ભરી ઘાસચારાની પાણીની કે પ્રાથમિક ઉપચારની સુવિધા સગવડ ન રાખી કતલખાને લઈ જવા દુઃખ ભરી સ્થિતિમાં રાખી લઈ જતા બે મોબાઈલ કિ.રૂ◌ા.૧૦,૦૦૦/- તથા રોકડ રકમ ૨૭૫૦/- તથા ટ્રકની કિ.રૂ◌ા.૫,૦૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ◌ા.૫,૫૦,૭૫૦/- ના મુદામાલ સાથે પકડાઈ જઈ ગુનો કર્યા વિ. બાબતે
Complaint(ફરિયાદ)

તા.૧૬/૦૪/૨૦૨૨

મારૂ નામ પ્રકાશભાઈ ભગવાનભાઈ અ.પો.કોન્સ. બ.નં-૧૩૦૨ નોકરી થરાદ પોલીસ સ્ટેશન.
રૂબરૂમાં મારી શ્રી સ.ત. ફરીયાદ હકિકત એવી છે કે આજરોજ અમો તથા અ.હે.કોન્સ. આયદાનભાઈ ગજાભાઈ બ.નં ૮૪૩ તથા આ.પો.કો દિપકભાઈ જીવાભાઈ બ.નં ૬૦૩ નાઓ સાથે ખોડા ચેકપોસ્ટ ખાતે વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન સાંચોર બાજુથી એક અશોક લેયલન્ડ કંપનીની ટ્રક નં.GJ-24 X-3467 ની આવતા જે ટ્રકની આગળના ભાગે બે ઈસમો બેઠેલ હોય જે ટ્રકને સાઈડમાં કરાવી ટ્રકની પાછલના ભાગે જતાં તેમાં પશુઓનો અવાજ આવતો હોય જેથી જે ટ્રકની ઝડતી તપાસ કરવાની જેથી સાથેના આ.પો.કો દિપકભાઈનાઓને બે રાહદારી પંચોના માનસો બોલાવવા અ.હેડ.કો આયદાનભાઈએ જાણ કરતા આ.પો.કો દિપકાભાઈ નજીકમાંથી બે રાહદારી પંચોના માણસો બોલાવી લાવી પંચોને ટ્રક સાઈડમાં કરાવેલ અને તેમાં પશુઓનો અવાજ આવતો હોય જેની સમજ કરી તે ટ્રકની ઝડતી તપાસ કરવા સમજ કરી તેમને સાથે રાખી ટ્રકના આગળના ભાગે બે ઈસમ બેઠેલ હોય તે પૈકી ટ્રકના ચાલકનું નામઠામ પુછતાં તેને તેનું નામ અરબાઝ

ગુલાબ્રાની જાતે કુરેશી રહે.અમનપાર્ક રાજપુર રોડ ડીસા તા.ડીસાવાળો હોવાનું જણાવેલ અને બાજુમાં બેઠેલ ઇસમનું ના મઠામ પુછતાં પોતે પોતાનું નામ નવાઝ જાકીરભાઇ જાતે કુરેશી રહે.અમનપાર્ક રાજપુર રોડ ડીસા તા.ડીસાવાળો હોવાનું જણાવેલ અને ટ્રકમાં પાછળના ભાગે જોતાં તેમાં નાના મોટા જીવતા પાડાઓ ખીચોખીચ ભરેલ હતા અને આ તમામ પાડાઓને ટુકા દોરડાથી ગળાના ભાગેથી અને પગોથી એકબીજાની સાથે ક્રુરતા પુર્વક બાંધેલ હતા જેથી આ તમામ અબોલ પશુઓ દુ:ખ અને દર્દભરી સ્થિતિમાં હતા સદરે ટ્રકમાં તપાસ કરતાં છ માસથી ૨ વર્ષ સુધીની ઉમરના આશરાના પાડાઓ જીવ ભરેલ હોય જે ટ્રક ઉપર ચડી ગણી જોતા પાડા જીવ નંગ-૩૮ ભરેલ હતા. જે તમામ પાડાઓ ટુકા દોરડાથી ગળાના ભાગેથી તથા પગોથી સજજડ બાંધેલ હાલતમાં એકબીજાની ઉપર પડેલ હાલતમાં હોઇ ગુંગળામણ અનુભવે છે. સદરે ટ્રકમાં ઘાસ ચારાની પાણીની કે પ્રાથમિક ઉપચારની કોઇ સુવિધા નથી કે. જરૂરી મોકળાશ નથી જેના કારણે દુ:ખ ભરી સ્થિતિમાં છે. સદરહું પાડાઓની હેરાફેરી કરવા માટે તેની પાસે કોઇ સક્ષમ અધિકારીનું આધાર પાસરમીટ માગતા નહી હોવાનું જણાવતા હોય જેથી અને આ પાડાઓ કતલખાને લઇ જતા હોવાનુ જણાઇ આવેલ હોય જે પાડા જીવ નંગ-૩૮ પાડાઓ હોય જે એક પાડાની કિ.રૂ।.૧,૦૦૦/- લેખે કુલ -૩૮ પાડાઓની કિ.રૂ. ૩૮,૦૦૦/- ના ગણી કબ્જે કરેલ અને સદરે ટ્રક જોતા અશોક લેયલન્ડ કંપનીનુ જેનો નંબર જોતા GJ-24 X-3467 નો છે જેની કિ.રૂ।.૫,૦૦,૦૦૦/- નુ ગણી તપાસ અર્થે કબ્જે કરેલ.

તેમજ બે ઇસમો પૈકી ટ્રકના ચાલકની અંગઝડતી કરતાં એક વનપ્લસ કંપનીનો મોબાઇલ મળી આવેલ જેની કિ.રૂ।.૫,૦૦૦/-નો ગણી તપાસ અર્થે કબ્જે કરેલ તથા તેની અંગ જડતીમાં ભારતીય ચલણની અલગ અલગ દરની નોટો મળી કુલ રોકડ રકમ રૂ.૨૭૫૦/- મળી આવેલ જે તપાસ અર્થે કબજે કરેલ છે અને બીજા ઇસમની અંગઝડતી કરતાં એક એપલ કંપનીનો મોબાઇલ મળી આવેલ જેની કિ.રૂ।.૫,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલ છે તે સિવાય બીજી કોઇ વસ્તુ કબજે કરેલ નથી જે અંગેનુ પંચનામુ સાથેના અ.હે.કો આયદાનભાઇએ ચેકપોસ્ટના લાઇટના અજવાળે આજરોજ તા.૧૬/૦૪/૨૦૨૨ ના ક.૦૦/૧૦ થી ક.૦૨/૧૫ સુધીનુ કરી લીધેલ છે.

તો આ કામના આરોપીઓએ પોતાના હવાલાની ટ્રક નંબર- GJ-24 X-3467 માં ગે.કા. અને વગર પાસ પરમીટે અબોલ પશુઓ પાડાઓને ટુકા દોરડાથી બાંધી ઘાસચારાની કે પાણીની કે પ્રાથમિક ઉપચારની સુવિધા સગવડ ન રાખી ટ્રકમાં ઉપરા છાપરી શ્વાસ રૂંધાય તે રીતે ખીચો ખીચ ભરી કતલખાને લઇ જવા દુ:ખભરી સ્થિતિમાં રાખી લઇ જતાં જીવતા જીવ પાડા નંગ-૩૮ કી.રૂ।.૩૮,૦૦૦/- તથા બે મોબાઇલ કિ.રૂ।.૧૦,૦૦૦/- તથા રોકડ રકમ રૂ। ૨૭૫૦/- તથા ટ્રકની કિ.રૂ।.૫,૦૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ।.૫,૫૦,૭૫૦/- સાથે ટ્રકનો ચાલક તથા કલીનર બંને પકડાઇ ગયેલ હોય તો આ બંને ઇસમો વિરૂધ્ધમાં મારી પશુઓ તરફ ઘાતકી વર્તન અટકાવવાના કાયદાની કલમ ૧૧ D E F K મુજબ ધોરણસર તપાસ થવા મારી ફરીયાદ છે. મારા પુરાવા સાથેના પોલીસ માણસો તથા પંચો વિગેરે છે.

એટલી મારી ફરીયાદ હકીકત બરાબર અને ખરી છે.

.............................................

રૂબરૂ

પોસ્ટે.અમલદાર

થરાદ પોલીસ સ્ટેશન.

13 Action Taken : Since the above information reveals commission of offence(s) u/s as mentioned at Item No. 2 :

(લીધેલ પગલાં : ઉપરના અહેવાલની ઉપરની આઇટમ નં.(2) માં જણાવ્યા પ્રમાણેનો ગુન્હો બન્યાનું જણાઇ આવતા)

(1) Registered the case and took up the investigation or(કેસની નોંધણી કરી તપાસ હાથ ધરી છે)

(2) Directed (Name of I.O.) take up the Investigation or(તપાસ કરનાર અધિકારીનું નામ):- આયદાનભાઇ ગજાભાઇ ચૌધરી Rank(હોદ્દો):- હેડ કોન્સ્ટેબલ
No.:- agc010689 to take up the Investigation or(નંબર)

F.I.R. read over to the complainant/informant, admitted to be correctly recorded and a copy given to the complainant/informant, free of cost.
(પ્રથમ માહિતી અહેવાલ ફરિયાદી / બાતમીદારને વાંચી સંભળાવેલ છે અને ફરિયાદીએ લખાવ્યા પ્રમાણેજ નોંધવામાં આવેલ છે. તેવુ ફરિયાદી / બાતમીદારે સ્વીકરેલ છે અને ફરીયાદી / બાતમીદારને તેની નકલ વિના મુલ્યે આપવામાં આવી છે.)

R.O.A.C.
(વાંચી સંભળાવવામાં આવ્યું અને તે બરાબર છે.)

Signature of Officer in charge, Police Station
(પોલીસ મથકનો હવાલો ધરાવતા અધિકારીની સહી.)

14 Signature/Thumb Impression of the complainant/informant.
(ફરિયાદી/બાતમીદારની સહી/અંગૂઠાની છાપ)

| | | | |
|---|---|---|---|
| Name (નામ) | ધનાજી ગુરખાજી માજીરાણા | | |
| Rank (હોદ્દો) | આસીસ્ટન્ટ સબ ઇન્સપેક્ટર | GPF No (જીપીએફ નંબર) | 110113 |

15 Date and time of dispatch to the court. 16/04/2022 04:00
(ફરિયાદ કૉર્ટમાં રવાના કર્યાની તારીખ અને સમય)